# સીડ સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગમાં ચાલતી યોજના "ગુજરાત રાજ્યના અગત્યના પાકોમાં ગુણવત્તાસભર બીજ ઉત્પાદન" અંતર્ગત આયોજીત તાલીમ તા. ૨૦/૦૬/૨૦૨૩ થી ૨૩/૦૬/૨૦૨૩ અંગેનો અહેવાલ

સીડ સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ, બં.અ કૃષિ મહાવિદ્યાલય, આણંદ કૃષિ યુનિવર્સિટી ,આણંદ ખાતે ચાલતી તાલીમ યોજના "ટ્રેનીંગ પ્રોગ્રામ ઓન સીડ પ્રોડક્શન" અંતર્ગત તા. ૨૦/૦૬/૨૦૨૩ થી ૨૩/૦૬/૨૦૨૩ દરમ્યાન ખેડૂત તાલીમનું આયોજન માન. કુલપતિશ્રી ડૉ. કે. બી. કથીરીયાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલું હતું. આ તાલીમમાં મહીસાગર જીલ્લાના જુદા જુદા ગામના કુલ ૨૫ ખેડૂતો ભાગ લેવા માટે આવેલ હતા.

તાલીમનું ઉદ્‌ઘાટન સીડ સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગના વડા ડૉ. કલ્યાણરાવ પાટીલ અને મદદનીશ પ્રાધ્યાપક, શ્રી અનિલકુમાર એલ. રાવત, તથા અન્ય કર્મચારીઓની હાજરીમાં દિપ પ્રાગટ્યથી કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું પ્રાસંગિક ઉદ્દબોધન શ્રી અનિલકુમાર એલ. રાવત દ્વારા સ્વાગત પ્રવચનથી કરવામાં આવ્યુ હતું અને ખેડૂતોને બીજ ઉત્પાદન તાલીમ કાર્યક્રમની રૂપરેખા વિષે માહિતી આપી હતી.

તાલીમના પહેલા દિવસે શ્રી અનિલકુમાર એલ. રાવત દ્વારા ખેતીમાં પ્રમાણિત બીજના ફાયદા તથા પ્રમાણિત બીજ ઉત્પાદન કરવા માટેની સંપૂર્ણ માહિતી ખેડૂતોને આપવામાં આવી હતી. ત્યારબાદ ડૉ. એમ. પી. પટેલ દ્વારા તાલીમાર્થીઓને કઠોળ પાકોમાં સુધારેલી જાતોનું બીજ ઉત્પાદન વિષે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતું. ત્યારબાદ વિભાગના વડા ડૉ. કલ્યાણરાવ પાટીલ દ્વારા તાલીમાર્થીઓને બીજ પ્રયોગશાળાની મુલાકાત કરાવી અને બીજ પ્રયોગશાળામાં વપરાતા સાધનોથી માહિતગાર કરાવ્યા હતા. ત્યારબાદ શ્રી અનિલકુમાર એલ. રાવત દ્વારા સજીવ ખેતીની મદદથી બીજ ઉત્પાદન કરવાની પદ્ધત્તિ તેમજ અન્ય જરૂરી માહિતી આપી હતી.

તાલીમના બીજા દિવસે ડૉ. મિહીર પંડયા અને ડૉ. આર. આર. આચાર્ય દ્વારા રીંગણ અને ભીંડાના પાકોમાં સુધારેલ / સંકર જાતોનું બીજ ઉત્પાદન વિષે સંપૂર્ણ માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યુ હતું અને મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર ની મુલાકાત કરાવી હતી. ત્યારબાદ ડૉ. એચ. એચ. સીતાપરા દ્વારા ખેડૂતોને હોર્ટીકલ્ચર બ્લોકની મુલાકાત કરાવાઈ હતી અને તેઓશ્રીએ વિવિધ ફળ પાકોમાં કલમ પદ્ધતિ સમજાવી હતી. ત્યારબાદ ડૉ. એ. એસ. ભાનવડીયા દ્વારા ખેડૂતોને વિભાગીય સંશોધન કેન્દ્ર (આર.આર.એસ) ખાતે ઉત્પાદન કરવામાં આવતા જુદા જુદા પાકોના બીજ ઉત્પાદન પ્લોટ અને સીડ પ્રોસેસીંગ પ્લાન્ટની મુલાકાત કરાવવામાં આવી હતી.

તાલીમના ત્રીજા દિવસે ડૉ. જે. ડી. દેસાઇ દ્વારા ખેડૂતોને એસ. એસ. કે. ની મુલાકાત કરાવાઈ હતી. સાથે નડિયાદ ખાતે ગુજરાત રાજ્ય બીજ નીગમની ખેડૂતોને પ્રત્યક્ષ મુલાકાત કરાવાઈ હતી. ત્યારબાદ, તાલીમના અંતર્ગત ખેડૂતમિત્રો દ્વારા અમુલ ડેરીની પ્રત્યક્ષ મુલાકાત લેવામાં આવી હતી.

તાલીમના ચોથા દિવસે ડૉ. ડી. બી. સીસોદીયાએ બીજ ઉત્પાદન દરમ્યાન પાકોમાં આવતી જીવાતનું સંકલિત નિયંત્રણની માહિતીથી ખેડૂત તાલીમાર્થીઓને અવગત કર્યા હતા. ત્યારબાદ ડૉ. જી. બી. પાટીલ દ્વારા પેશીસંવર્ધન પધ્ધતિથી ઉત્પાદન કરેલા જુદા જુદા પાકોના રોપાઓ વિષે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું અને પ્રયોગશાળાની મુલાકાત કરાવવામાં આવી હતી. ડૉ. કલ્પેશ વી. પટેલ દ્વારા ઔષધિય અને સુગંધિત વનસ્પતિ અને તેની ખેતી વિષે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું તેમજ નર્સરીની મુલાકાત કરાવી હતી. વિભાગના વડા ડૉ. કલ્યાણરાવ પાટીલ દ્વારા તાલીમાર્થીઓને મકાઈના પાકોમાં સુધારેલ/સંકર જાતોનું બીજ ઉત્પાદન અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ત્યારબાદ ડૉ. યોગેશ્વરી ઝાલા દ્વારા ખેડૂતોને જૈવિક ખાતર દ્વારા બીજ માવજત કરવાથી થતા લાભ અંગેનું માર્ગદર્શન આપવામાં આવ્યુ હતું અને સૂક્ષ્મજીવાણુ વિભાગની મુલાકાત કરાવવામાં આવી હતી.

તાલીમના અંતે વિભાગના વડા કલ્યાણરાવ પાટીલ અને શ્રી અનિલકુમાર એલ. રાવત દ્વારા ખેડૂતોને પ્રમાણપત્ર અને માસિક સામાયિક "કૃષિગોવિદ્યા" અને અન્ય ખેતી ઉપયોગી સાહિત્ય સાથે બિયારણ કીટ GAWMH-3 (મકાઇ), આણંદ કોમલ (ભીંડા) અને આણંદ તેજ (મરચી)નું વિતરણ કરવામાં આવેલ હતું.



ખેડૂતતાલીમાર્થી દ્વારા દીપ પ્રાગટ્ય



બીજ વિજ્ઞાન લેબોરેટરીની મુલાકાત



મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્રની મુલાકાતે



મધમાખી ઉછેર કેન્દ્રની મુલાકાતે



પેશી સંવર્ધન લેબની મુલાકાતે



બીજ નિગમ, નડીઆદની મુલાકાત



પ્રમાણપત્ર અને કીટ વિતરણ સમારોહ



ખેડૂત તાલીમાર્થી સાથે ગ્રુપ ફોટોગ્રાફ્સ